ગાંધીનગર સમાચાર

# ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૯મી જન્મજયંતિએ મુખ્યમંત્રીની અંજલિ

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મહામાનવ ડૉ. ભીમરાવ બાબાસાહેબ આંબેડકરની ૧૨૯મી જન્મ જયંતીના અવસરે પ્રવર્તમાન પરિસ્થિતિમાં મુખ્યમંત્રી નિવાસ સ્થાને જ ડૉ.આંબેડકરની લઘુ પ્રતિમા પ્રતિકૃતિ અને તસવીરને પ્રણામ કરીને તેમને ભાવાંજલિ અર્પણ કરી હતી.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ભાવ સભર અંજલિ આપતા જણાવ્યું હતું કે, ડૉ. બાબાસાહેબના નામથી જગવિખ્યાત ડૉ. આંબેડકરે ભારતના શોષિત, પીડિત લોકો માટે પોતાનું સંપૂર્ણ જીવન સમર્પિત કરી દીધું હતું. એમણે 'સ્વ'ની ચિંતા છોડી 'સર્વ' માટે જીવનની ક્ષણ-ક્ષણ અર્પિત કરીને જ ડૉ. બાબાસાહેબ આંબેડકર માનવમાંથી મહામાનવ બની શક્યા.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું હતુ કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવનના બે સપનાઓ હતા. એક સમાજના છેવાડાના વંચિત બાંધવોનું ઉત્થાન થાય, સૌર શક્તિશાળી બને, સૌ શિક્ષિત બને, સંઘર્ષ કરે જેનાથી લોકોમાં એક આત્મવિશ્વાસ ઊભો થાય અને તેઓ સમરસ થઈ શકે. જ્યારે બીજુ નેશન ફર્સ્ટ એટલે કે ભારત દેશ ઉન્નત બને એ એમનું સપનું હતું.

વિજયભાઈ રૂપાણીએ જણાવ્યુ હતું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરે સૌને એક બનવાનો અને સામાજિક સમરસતાના સૌહાર્દથી સંગઠિત થવાનો રાહ બતાવ્યો હતો. અત્યારે વિશ્વ આખાની માનવજાત કોરોના વાયરસની મહામારી સામે ઝઝૂમી રહી છે, ત્યારે એકસો ત્રીસ કરોડ ભારતવાસીઓ એક થઈ - નેક થઈ, સૌ સંગઠિત થઈને જ્ઞાતિ-જાતિ અને સંગઠનોને ભૂલી જઈને એક ભારતીય તરીકે આ મહામારી સામેનો જંગ જીતવા સંકલ્પબદ્ધ બન્યા છે. તેની પ્રેરણા બાબાસાહેબના ચીંધેલા સમરસતા-સમતાના દર્શનથી મળી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ કોરોના સંક્રમણ સામે આપેલા લોકડાઉનના કોલને સૌ એકજૂથ થઈને સંગઠિત બનીને એકબીજાની ચિંતા કરીને મદદરૂપ થઈને સફળ બનાવી રહ્યા છે તે જ પૂજ્ય આંબેડકરજીના સામાજિક સમરસતા અને બંધુત્વ ભાવનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે એમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું કે, ડો.બાબાસાહેબે કહ્યું છે કે આપણા રાષ્ટ્રની ઉન્નતિ અને દુનિયાના રાષ્ટ્રોમાં આપણને માન મળે એવું ઇચ્છતા હોઇએ તો સમાજમાં સામાજિક સમતા અને બંધુતા એ આપણે લાવવી પડશે.

વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ડો.બાબાસાહેબ આંબેડકરનું સપનું નૂતન ભારતના નિર્માણનું હતું. એમણે સમસ્યાના નિવારણ માટે જળનીતિ, જળક્રાંતિ, વીજળી ઉત્પાદન અને ઊર્જાનીતિ એવા અનેક વિઝન અને આર્થિક સમસ્યાઓના નિરાકરણનો માર્ગ સૂચવ્યા હતા. ભારતની મજબૂત સક્ષમ વિદેશનીતિ પણ એમણે રજૂ કરી હતી. ભારતની ઔદ્યોગિક નીતિ-રિતી જેમાં ઉદ્યોગોની સાથે કામદોરોની ચિંતા અને ભારત પોતાના સ્વ બળે વિશ્વમાં સમર્થ બને એવી ઉદ્યોગ નીતિ પણ એમણે ઘડી હતી.



ભારતીય સંવિધાન દ્વારા સામાજિક સમતા, સમરસતા અને રાષ્ટ્રીય એકતા-એકાત્મતાના અધિષ્ઠાનની રચના પણ ડો. બાબાસાહેબ આંબેડકરે કરી હતી. સમતા-મમતા-બંધુતાના મંત્ર દ્વારા સૌનો સાથ-સૌનો વિકાસની પણ તેમણે કામના કરી હતી. એમનો હંમેશા સકારાત્મક દ્રષ્ટિકોણ રહ્યો હતો અને એમની મથામણ રાષ્ટ્ર અને સમાજને તોડવાની નહીં પણ જોડવાની રહી હતી. એમ તેમણે જણાવ્યું હતું.



## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા જાભચિતરીયા તથા અણસોલમાં ખાદ્ય પદાર્થનું વિતરણ

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારમાં જાભચિતરીયામાં કુલ ૭ ગામોનો ૧૦૫ લાભાર્થીને ૩ કિ.ગ્રા. ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. અણસોલ ગામમાં ૧૬ લાભાર્થીઓને ૧૧ પદાર્થોનું કીટનું વિતરણ કર્યું હતું. ૧૬ કીટ શામળાજી હોસ્પિટલ તરફથી મળી હતી. આ સેવાકાર્યમાં હરીલાલ, મોન્ટુ, યોગેશભાઈ તથા મિલિન્ટ ગુપ્તે હતા. બધાએ અંતર રાખવાનું પાલન કર્યું હતું. ભીન ન થાય એ માટે નિયત સમય કરતા દોઢ કલાક પહેલાં પહોંચ્યા હતા. જેથી બધા આવતા જાય અને વિતરણ થતું જાય.

## ક્યારેક હસવું પણ નક્કામું પડે હોં

થોડા દિવસ પહેલા અમારી સોસાયટીમાં એક વડીલ ગુજરી ગયેલા. આસપાસના બધા લોકો એમના ઘરે બેસણામાં ગયેલા ત્યારે એક માજી કહે,

'હું તો રોજ સવારે પાંચ વાગે ઉઠી જ જાઉં. આજેય વહેલા જ ઉઠેલી તોય આવતા મોડું થઈ ગયું... ઘરનું કામ પરવારીને આવવાનું ને.'

બીજા માજી : કેમ ઘરનું પરવારીને આવવાનું? વહુ પિયર ગઈ છે?

''હા, છેલ્લા છ મહિનાથી, રિસાઈને. એનું માંગુ આવ્યું ત્યારે જ મેં કહેલું એમનાં ગામેથી મારી એક બહેનપણીને છૂટી કરેલી એ ગામની છોકરી મારા ઘરમાં ના જોઈએ. મારું માન્યું હોત તો આ દિવસ જ ન જોવો પડ્યો હોત. આપણું કહેવું આ લોક માને નહિ અને પછી હેરાન થાય. આ મરનાર



**લવ યુ જિંદગી**

**નિયતી કાપડીયા**

ભાઈને જ જોઈલો.. મારો દીકરો... મારો દીકરો કરતા અડધી રાત સુધી એની રાહ જોઈને જાગતા બેસી રહેતા, એને દૂધ લેવા ના જવું પડે એટલે પોતે સવારે વહેલા તૈયાર થઈને દુકાને દૂધ લેવા જતા, ચાલતા એય પાછા... પેટ્રોલના પૈસા બચાવવા, લો શું મેળવી લીધું એમણે? સાજા સારા રાતોરાત ઉકલી ગયા. છોકરા વહું પાસે સેવા કરાવવાય ના રોકાયા. આપણું શરીર છે તે આપણે જ ધ્યાન રાખવું પડે ને? આ મને જુઓ હજી બીજા દસ વરસ તો અડીખમ રહેવાની..!'

હવે આજ ક્ષણે એક બીજા માસી આવ્યા અને બધા સામે હાથ જોડીને કહે, ''ભગવાનેય સારા માણસોને જલદી પોતાની પાસે બોલાવી લે છે!' એમણે હકારમાં ડોકું ધુણાવી બધા સામે જોયું.

કોઈ કંઈ વધારાનું સમજ્યું નહીં પણ હું જ બહુ વિચારશીલ તે માજીની વાતને માસીની વાત ભેગી તરત જ જોડી કાઢી. અચાનક મારાથી પેલા હજી દસ વરસ અડીખમ રહેવાના છે એ માસી સામે જોવાઈ ગયું! બળ્યું થોડું હસીય પડાયું અને પછી એમણે જે ખતરનાક નજરે મારી સામે જોઈ ટુંકી ગરદન પર ટકેલું મોટું માથું ધુણાવ્યું...

એ હવે નક્કી ઘરે આવીને મારા સાસુ આગળ મારી ફરિયાદ કરશે. મજાની વાત ખબર છે, મારા સાસુય એમને કહેશે ખરા કે, 'નિયતીને ઠપકો આપીશ' પણ મારી જેમ હસતા હસતા!

ટુંકમાં ક્યાં હસી પડવું અને ક્યાં મોઢું સોગિયું બનાવી રાખવું એ શીખવું જરૂરી છે!

---

**દરણું દળતા આવડ્યું, કોરોના તારા કારણે**
**રોટલી વણતા આવડ્યું, કોરોના તારા કારણે.**
**લીબુ લટકતાં મૂછમાં, એ નીચોવીને પી ગયાં.**
**ગમને ગળતા આવડ્યું, કોરોના તારા કારણે.**
**પહોંચી વળીએ પત્નીને, ભરમ ભાંગી ભૂકો થયો.**
**પાછા વળતા આવડ્યું, કોરોના તારા કારણે.**
**હોય છે હજાર હાથ, અર્ધા અંગને આપડા.**
**ગરથ ગણતા આવડ્યું, કોરોના તારા કારણે.**
**આટોપી અંગ બેસી જવું, એ આંખ ઉંચી કરે,**
**ભયને ભણતા આવડ્યું, કોરોના તારા કારણે.**
**'દેવ' શિક્ષા દુર્લભ, મળી કપરાં કાળમાં.**
**સુખને ચણતાં આવડ્યું, કોરોના તારા કારણે.**

**- દેવાયત ભમ્મર**

## સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા એક અનોખી પહેલ કરાઈ

ગાંધીનગર, તા. ૧૪

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર ના સ્વર્ણિમ ઈન્ક્યુબેશન સેંટર દ્વારા ટાઈ (TiE) અમદાવાદ અને નેન(NEN) વાધવાની ફાઉન્ડેશનના સહયોગથી 'સ્વર્ણિમ એનિગ્મા ઈ-રિઝોલ્યુશન' નું આયોજન તા. ૧૩ એપ્રિલ, ૨૦૨૦ના રોજ ઈન્ડસ્ટ્રી એક્સપર્ટસ જોડે ઓનલાઈન માધ્યમ દ્વારા થશે જેમાં વિદ્યાર્થીઓને ઉદ્યોગો તરફથી વાસ્તવિક સમયની સમસ્યાઓ આપવામાં આવશે.

એક સર્વે મુજબ અત્યારે વિશ્વના મોટા ભાગ ના દેશો માં પ્રવર્તી રહેલી લોકડાઉંન ની પરિસ્થિતિ ને કારણે પ્રવાસ, પર્યટન અને તમામ મેનીફેક્ટરિંગ યુનિટ્સ, ઓટો, ઇલેક્ટ્રોનિક્સ આઇટમ્સ, હોટેલ, આઇટી ઈન્ડસ્ટ્રી, પેટ્રોલ, કેમિકલ્સ ને સૌથી મોટું નુકશાન પહોંચ્યું છે. ઉદ્યોગો ઠપ્પ છે, રોકડ ની અછત સર્જાઈ છે, લાખો લોકો ની નોકરી જઈ શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

એનિગ્મા ઈ-રિઝોલ્યુશન એક ઓનલાઈન ઈવેન્ટ છે, જેમાં કોવીડ-૧૯ લોકડાઉન દરમિયાન ઉદ્યોગોને થતી વાસ્તવિક સમયની સમસ્યાઓ જેમ કે ઓપરેશન્સ, નિશ્ચિત ખર્ચ જેમ કે કર્મચારીઓ નો પગાર, લોન ના હપ્તા, ભાડે લીધેલ જગ્યા નું ભાડું, ટેક્સ વિગેરે, કેન્સલ થયેલા એક્સપોર્ટ ઓર્ડર્સ નું નુકશાન, કેશ લિક્વિડિટીનો અભાવ, કાચા માલનો મર્યાદિત સ્ટોક, મેનપાવર હેન્ડલિંગ, રિએચેબિલીટી, પેમેન્ટ કલેક્ટ થવા માં પડતી મુશ્કેલીઓ જેવા અગત્યના પ્રશ્નો નો સામનો કરવો પડી રહ્યો છે તે પ્રશ્નો ને અનોખી રીતે સોલ્વ કરવાની એક પહેલ કરવામાં આવશે.આ ઈવેન્ટ માં ભાગ લેનાર પાર્ટિસિપન્ટ્સના અલગ અલગ ગ્રુપ બનાવવામાં આવશે અને આ પ્રશ્નોના જવાબ વિવિધ ઈન્ડસ્ટ્રીના નિષ્ણાતોની હાજરીમાં પાર્ટિસિપન્ટ્સ ઓનલાઇન માધ્યમથી રજુ કરશે. અત્યાર સુધી ૫૦૦ થી વધુ પાર્ટિસિપન્ટ્સ એ ઓનલાઇન રેજીસ્ટ્રેશન કરાવ્યું છે તેમાં વિદ્યાર્થીઓ, ફેકલટી મેમ્બર્સ, કોઓર્ડિનેટોર્સનો સમાવેશ છે.

આ ઈવેન્ટના મુખ્ય ફેસીલીટેટર પ્રખ્યાત ઉદ્યોગ સાહસિક અને શિક્ષણવિદ શ્રી અનય મશરૂવાલા દ્વારા કરવામાં આવશે.

ઈન્ડસ્ટ્રી એક્સપર્ટ તરીકે એનેક્સજી વેન્ચર ના કોફાઉન્ડર તરીકે શ્રી આશિષ કનુજીઆ, એક્સપર્ટ મેન્ટર તરીકે હેડ - ઈકોસિસ્ટમ ડેવલપમેન્ટ, નેન (NEN) ઈન્ડિયા અને વાધવાની ફાઉન્ડેશન ના શ્રી અંકિત મચ્છર, ડિરેક્ટર- શી એન્ડ વિ - મહિલા ઉદ્યમવૃત્તિ ફાઉન્ડેશનના શ્રીમતી કૃતિ પટેલ, પ્રાદેશિક મેનેજર, વાધવાની ફાઉન્ડેશન અને સ્ટાર્ટઅપ કમ્યુનિટિ ના એક્સપર્ટ સ્વરૂપ પંડયા અને, વિનસ એન્જિનિયરિંગ વર્ક્સના ડિરેક્ટર આનંદ મશરૂવાલા ઉપસ્થિત રહેશે.

## હમ હોંગે કામયાબ - 'ધ અર્થિંગ ગ્રુપ'




આપણ ને કોઈને ખબર નહોતી કે લોકડાઉન થવાનું છે. લોકડાઉન થયા ના ૨-૩ દિવસ પછી વિચારવા લાગ્યા હવે મળીશું કઈ રીતે. તો બધા એ ટેક્નોલોજી નો ઉપયોગ કર્યો અને વિડિયો કોલ પરથી મળવાનું ચાલુ કર્યું.. જેમાં વિડીયો કોલ પર વાત કરતાં કરતાં ''ધ અર્થિંગ ગ્રુપ'' ના ફાઉન્ડર પ્રફુલ પંચાલ અને કો-ફાઉન્ડર ચિરાગ પારેખને ઓનલાઈન થિયેટર સ્કૂલનો વિચાર આવ્યો . અને તરત જ આ ઓનલાઈન થિયેટર સ્કૂલનું બીજ રોપાયું

અને અત્યારે આ બીજ એટલું મોટું થયું કે લોકડાઉન પૂર્ણ પણ નથી થયું ત્યાં તો ઓનલાઈન થિયેટર સ્કૂલ ની ત્રણ સિઝન પૂર્ણ કરી લીધી. હાલ આ લોકડાઉન ના સમય માં ગુજરાતમાં હજુ સુધી કોઈ થિયેટર વર્કશોપ યોજાયો નથી અને એમાં 'ધ અર્થિંગ ગ્રુપ' દ્વારા ૧૦ થી ૧૨ એપ્રિલ ઓનલાઈન થિયેટર સ્કૂલ ની સફળ રીતે ત્રીજી સિઝન પૂર્ણ કરતાં નાટ્યક્ષેત્રે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

સંસ્થાના ફાઉન્ડર અને કો-ફાઉન્ડર, પ્રફુલ પંચાલ તથા ચિરાગ પારેખનું કેહવું છે કે થિયેટર ને કોઈ સીમાડા નથી નડતાં એટલે કે કોઈ સીમા નથી હોતી, લોકડાઉનમાં પણ ઓનલાઈન થિયેટર સ્કૂલે વિદ્યાર્થીઓ માટે કોલકાતા અને મુંબઈ સુધી પહોચીને આ વાત સાબિત કરી બતાવી છે. ઓનલાઈન થિયેટર સ્કૂલ ની ત્રીજી સિઝન માં એનએસડી પાસઆઉટ અને હાલ કોલકાતા માં થિયેટર ક્ષેત્રે કાર્યરત ફેકલ્ટિ ''સુકમલ મૈત્રા '' વિદ્યાર્થીઓ સાથે જોડાયા. આ સાથે જ ઓનલાઈન થિયેટર સ્કૂલ નવી સિઝન માસ્ટરક્લાસ નો પ્રારંભ પણ થયો . જેમાં ફેકલ્ટિ સુકમલ મૈત્ર એ રશિયન નાટ્યકાર ''સ્ટાનિસ સ્લાવસ્કી '' ની વાત કરતાં કહ્યું કે ઍક્ટિંગનું બંધારણ સ્ટાનિસ સ્લાવસ્કી એ ઘડ્યું છે એમ કહી શકાય અને સ્ટાનિસ સ્લાવસ્કી ની ઍક્ટિંગ ની ૧૦ મેથડ વિષે પણ વાત કરી . જે એક સારા એક્ટર બનવા માટે અને પર્સનલ લાઈફ માં પણ ખૂબ ઉપયોગી છે. લેક્ચરના અંત માં ''હમ હોંગે કામયાબ '' ગીત ચાર ભાષાઓ માં વિદ્યાથીઓ સાથે ગાઈને લેક્ચર પૂરો કર્યો. આ માસ્ટરક્લાસ અને ઓનલાઈન થિયેટર સ્કૂલ માં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા. આગળ પણ આવા બીજા માસ્ટરક્લાસ લેક્ચર ''ધ અર્થિંગ ગ્રુપ'' દ્વારા યોજવામાં આવશે . જેની માહિતી માટે ''ધ અર્થિંગ ગ્રુપ'' ના ઈનસ્ટા તથા ફેસબુક પેજ પરથી મળશે.




# ટાઈમ મેનેજમેન્ટ એટલે સેલ્ફ મેનેજમેન્ટ !!

**વ્યક્તિ ઘડતર**

**- નિમેષ રાવલ**

મિત્રો કોરોના યુગના કયારેય નહીં વિચારેલ અને આજે અનુભવી રહેલ આ સમયને ઈતિહાસમાં બહુ મોટું સ્થાન મળશે એ નિઃશંક વાત છે. કોઈકે યાદ કરાવ્યું કે આપણે કોર્પોરેટ ટાઈમે મેનેજમેન્ટના કાર્યક્રમ કરતા હતા પણ મને લાગે છે કે અત્યારે કોરોના ટાઈમમેનેજમેન્ટ વિશે કંઈક વિચારીએ... ખરેખર એક અલગ જ પ્રકારની શારીરીકિ, માનસિક, વૈચારિક પરિસ્થિતિમાં આખું વિશ્વ મુકાયું છે. ત્યારે એવો વિચાર આવે કે આખી જિંદગી જે તાત્કાલિક (Urgent) કામો પાછળ જ સમય વેડફાયો તે કેટલું યોગ્ય હતું ? કોરોનાના આ સમયે જાણે સમગ્ર માનવજાતને સંદેશો આપ્યો કે કશું જ (Urgent) નથી હોતું... બધું રોકાઈ ગયા - લોકડાઉન થઈ ગયા પછી માણસો ફરી એકવાર (Urgent fobia) ના ભોગ બનીને ઘાંઘું જીવન જ જીવશે જે કંઈ યાદ રાખી શકાશે ?? ટાઈમમેનેજમેન્ટની વાતમાં આપણને યાદ છે કે આપણું જીવન ચાર પ્રકારના કામોથી ભરેલુંછે.

એક તાત્કાલિક કરવાના અને અગત્યના કામો (Urgent and Impotent)

બીજા તાત્કાલિક કરવાના પણ બિનઅગત્યના કામો (Urgent and Not Impotent)

ત્રીજા તાત્કાલિક પણ નહીં અને બિન અગત્યના (Not urgent and not impotent) અને

ચોથા તાત્કાલિક નહીં કરવાના પણ અગત્યના (Not urgent and impotent)

આપણે વધારે ઊંડાણપૂર્વક બધી ચર્ચામાં નથી પડવું પણ દરેક વાચક વિચારે કે આવા કયા કામો છે.... અને પોતાનું જીવન કેવી રીતે જીવાયું છે. મારે આજે જે વાત કરવી છે તે ચોથા પ્રકારના કામોની છે. જે તાત્કાલિક કરવા પડે એમ નથી પણ ખૂબ અગત્યના છે. આગળ વાંચતા પહેલાં વહેલા વિચારો અને લખો...




- આપણે આધ્યાત્મિક ધ્યેય નક્કી કર્યો છે ?
- આપણે જયાં હોઈએ ત્યાં પૂરેપૂરા હોઈએ છીએ ?
- આપણે રોજ રેગ્યુલર કસરત કરીએ છીએ ?
- આપણે રોજ સ્વવિકાસ માટે કંઈ વાંચીએ છીએ?
- આપણે વ્યક્તિગત મિશન સ્ટેટમેન્ટ લખ્યું છે ?
- આપણે (Prevention is Better Than Cure) સંદર્ભે કંઈ પણ કર્યું છે.
- આપણે જીવન - સ્વના ઉદ્ધાર માટે શું આયોજન કર્યું છે ?
- આપણે સંબંધોની માવજત માટે શું કરીએ છીએ ?
- આપણે કેટલાં પૂર્વગ્રહો છોડવા તૈયાર છીએ ?
- આપણે 'અનુગ્રહ'નું મહત્ત્વ યાદ રાખ્યું છે?
- આપણે 'પ્રાયોરિટીનું વિજ્ઞાન' સમજીએ છીએ ખરાં ?
- આપણે (Problem Oriented)તો નથી ને ?
- આપણે (Opportunity oriented) થવા તૈયાર છીએ ?
- આપણે છેલ્લે કયારે ધ્યાનપૂર્વક પંખીના ટહુકા સાંભળ્યા હતા ?
- આપણે મોબાઈલમાં ફોટા પાડીને અપલોડ કરવાની લાલચ કર્યા વગર છેલ્લે કયારે ઝૂમતાં વૃક્ષો, ખીલેલાં ફૂલો, આથમતા સૂર્ય કે સુંદર આકાશ, ટહુકતાં બાળકોને માણ્યા હતા ?
- આપણે કયારે મનમાં ઉદ્ભવતા નકારાત્મક વિચારોને હડસેલો માર્યો હતો?
- આપણે કયારેક દરેક વ્યક્તિને એ જેવો છે તેવો સ્વીકારી હૃદયને પ્રેમસભર અકબંધ રાખ્યું હતું?
- આપણ છેલ્લે કયારે ઈર્ષામુક્ત થઈને બીજા વ્યક્તિને પ્રશંસા કરી હતી ?

આ યાદી દરેકની પોતાની હોવી જોઈએ. જીવનની આ 'કોરોનાતોડ' ને અવસરમાં પલટાવીને આપણે આપણી Urgent oriented કાર્યપદ્ધતિને Impotent oriented બનાવીએ. આપણે Problem oriented માનસિકતાને Opportunity oriented બનાવીએ.

આપણે આપણી 'યુનિકનેસ'ને આપણી શક્તિમાં પરિવર્તિત કરીએ. આપણે આપણા નાનપણ-બચપણથી ઘર કરી ગયેલા બિનતંદુરસ્ત માનસિકતા (Unhealthy program) કે જે સામાજિક દર્પણને કારણે આવી છે એ બદલવા માટે તૈયાર છું? આ સમયે આપણે આત્મમંથન કરીને વ્યક્તિગતજીવન અને પ્રોફેશનલ જીવન બંનેમાં હકારાત્મક પરિવર્તન માટે જરૂરી એવું શું કરી શકાય એ શોધી કાઢીએ...

જીવન અણમોલ છે એ ખબર હતી પણ એ અમૂલ્યપણાને પામવાનો સમય અત્યારે મળ્યો છે તો એને વધાવી લઈએ અને એક અલગ જ માણસ થઈને ઊભરીએ...

એક વાકયમાં કહું તો ટાઈમ મેનેજમેન્ટ એ સેલ્ફ મેનેજમેન્ટથી વધારે કંઈ જ નથી. આપણા જીવનની પ્રાયોરિટી નક્કી કરતાં શીખવું પડશે અને એના માટે જ જાણે કે આ કોરોના સમય મળ્યો છે.

---

## ડાયરેક્ટ ❤ સે

**મોટા બનવું હોય તો હંમેશા પોતાની મર્યાદામાં રહેતા શીખો કેમ કે, મોટી મોટી કંપનીઓ પાછળ પણ લખેલું હોય છે લિમિટેડ...**

## જન્મદિને વધામણી



**અશોકસિંહ ટી પરમાર**
ટ્રસ્ટી, શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર



**શ્રેયા હિમાંશુ શાહ**
મો. ૮૧૪૧૦ ૨૯૪૯૧



**હયાન વિપુલ ચૌહાણ**
મો. ૯૦૬૭૧ ૩૧૩૭૨